સંશોધન સારાંશ

૧. પ્રસ્તાવના

૨. સંશોધનનો મૂલાધાર

૩. સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

૪. અભ્યાસના હેતુઓ

૫. અભ્યાસના પ્રશ્નો

૬. અભ્યાસનું મહત્ત્વ

૭. અભ્યાસનું સીમાંકન

૮. અભ્યાસની પદ્ધતિ

૯. વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

૧૦. અભ્યાસ માટેના ઉપકરણની સંરચના

૧૧. માહિતી એકત્રીકરણની રીત

૧૨. માહિતી પૃથક્કરણની રીત

૧૩. અભ્યાસના તારણો

૧૪ ઉપસંહાર

૧. પ્રસ્તાવના

૨૧મી સદીમાં શિક્ષણ ક્ષેત્રે ઝડપી પરિવર્તનો થઇ રહયા છે. પરંતુ આ આમૂલ પરિવર્તનોની સાથે શિક્ષણના વ્યાપ અને તેની ગુણવત્તા જળવાય રહે એ ઘણુ જરૂરી છે. અને એ ગુણવત્તા સુધારવામાં પ્રત્યેક વ્યકિત પોતાના વિકાસ થકી મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે. હાલના સમયમાં દરેક વ્યકિત સ્વવિકાસ માટે ઝઝૂમતી દેખાય છે. કારણ કે સમય એ સતત વિકાસની દિશામાં આગળ વધતો જોઇ શકાય છે. આ પ્રગતિશીલ સમાજની રચના નાનામાં નાની કડીઓ દ્વારા જ થાય છે, વ્યકિત વિકાસ પામે તો જ સમાજ વિકાસશીલ બને છે. દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે મહેનત તથા પરિસ્થિતિ ખૂબ જ અગત્યની હોય છે. વ્યકિત માટે વિકાસની દિશામાં આગળ વધવા માટેના ઘણા પ્રેરણાસ્ત્રોતો હોય છે. અને આ પ્રેરણાસ્ત્રોતોના આધારે જ વ્યકિત આગળ વધીને કંઇક વિશેષ સ્થાન પ્રાપ્ત કરે છે, અને સમાજને નવી રાહ ચીંધે છે. જેના ઉદાહરણ તરીકે છત્રપતિ શિવાજી, મોહનદાસ કરમચંદ ગાંધી, રાણી લક્ષ્મીબાઇ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, ગિજુભાઇ બધેકા, મેડમ મોન્ટેસરી જેવા અનેક મહાન વ્યકિતઓએ પોતાના વિકાસ સાથે સમાજનો વિકાસ કર્યો હતો.

હોવેકી (૧૯૯૭)ના મતે, "શીખાઉપણું, પ્રારંભિકતા, કુશળતા, સક્ષમતા અને નિષ્ણાંતતા એ શિક્ષકમાં વિકાસની પાંચ કક્ષાઓ છે." આમ, વિકાસ એ ક્રમાનુસાર ચાલતી એક પ્રક્રિયા છે જે પ્રક્રિયામાંથી પસાર થઇ વ્યકિત સર્વાંગી વિકાસને પામે છે.

એક સર્વસામાન્ય ખેતમજૂરે પોતાના ક્ષેત્રમાં આગળ વધવા અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તો શિક્ષણ જગતમાં પોતાના સ્થાનને એક આગવું સ્થાન બનાવવા માટે ઉત્સુક વ્યકિતએ તો અવિરત પ્રયત્નો અને તનતોડ મહેનત કરવી જ પડે એ સ્વાભાવિક છે. અને આવી રીતે સફળતા મેળવી પોતાના પદને યોગ્ય સ્થાન આપી અને વિકાસની દિશામાં આગળ વધનારા વ્યકિતઓની વિકાસયાત્રા આવનારી પેઢીઓને પ્રેરણા આપનારી બની રહે એમા બે મત નથી. શિક્ષણક્ષેત્રમાં આવી વ્યકિતઓ ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. કારણ કે તેઓ બાળકોના ભવિષ્યને એક નવો આકાર આપતા હોય છે. આવા વ્યકિતઓની જીવનસહરની યાત્રા તેઓ જાતે કહે એ ખૂબ જ મોટી અને સમાજપયોગી વાત છે. સ્નાતકકક્ષાની તાલીમી કૉલેજોમાં એક આચાર્ય તરીકેની ફરજ બજાવતા આવા

અમૂલ્ય રત્નો પોતાના વિકાસ અને શિક્ષણને કેવી રીતે સાથે જોડે છે તે જાણવું એ એક રહસ્યને ખોલવા કરતાં ઓછું નથી.

તાલીમી કૉલેજોમાં આચાર્યો તરીકેની ભૂમિકા અદા કરતા આ રત્નોની જીવનયાત્રા વિશે ગહનઅભ્યાસ કરવાનો વિચાર અવલોકનમાંથી ઉદ્ભવ્યો છે. અધ્યેતાએ પોતાના અભ્યાસકાળ દરમ્યાન સતત એ બાબત નોંધી છે કે આવા વ્યકિતઓના વિકાસની પ્રેરણા લઇ વિદ્યાર્થીઓ કે તાલીમાર્થીઓ પોતાના વિકાસની નવી કેડી કંડારતા હોય છે. આ દૃષ્ટિકોણથી જ અધ્યેતાને આચાર્યોના વિકાસની પદયાત્રા તપાસવાની ઉત્સુકતા જન્મી.

૨. સંશોધનનો મૂલાધાર

પૂર્વે થયેલા સંશોધનોનો અભ્યાસ અધ્યેતાને આગળ વધવાની દિશા દેખાડે છે, તેના આધારે અધ્યેતા આગવી સૂઝથી કાર્ય કરવા પ્રેરાય છે. અત્રે પૂર્વે થયેલા કેટલાક સંશોધનોની સમીક્ષા પ્રસ્તુત છે.

કોનેવલ્લી અને કેનેન્ડિનિ (૧૯૯૦)એ પોતાના પૂર્વોકત લેખમાં સંશોધનની એક પદ્ધતિ તરેકે કથાના સ્વરૂપોનું સર્વેક્ષણ કર્યુ હતું. રૂથ રુઝોવ્સ્કી (૧૯૯૪) એ તાલીમમાં જોડાયેલા અનુભવી શિક્ષકોની કથાઓ સંદર્ભે અભ્યાસ હાથ ધર્યો હતો. નેલ્સન અને મૂરે (૧૯૯૮)એ ગુણાત્મક શૈક્ષણિક સંશોધકોની વ્યથાની કથા ઉપર સંશોધન હાથ ધર્યુ હતું. વિડીન, મેયર-સ્મિથ અને મૂન (૧૯૯૮) નામના ત્રણ કેનેડિયન તજજ્ઞોએ Revew of Educational Research નામના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સામાયિકના ૧૯૯૮ના ગ્રીષ્મના, ગ્રંથ ૬૮, અંક-૨. પૃષ્ઠ-૧૩૦-૧૭૮ પર"A Critical analysis of the research on Learning to teach : Makjny the case for an exological perspeclive on inquary" એ લેખમાં શિક્ષકો અને તાલીમાર્થીઓ દ્વારા થતા અધ્યાપનના અધ્યયન વિષયક સંશોધનોની સમીક્ષા કરી હતી. ચંદ્રકાંત (૧૯૯૯)એ ઇશ્વર પરમારના શિક્ષણના સિતારા નામના દળદાર ગ્રંથની સંક્ષિપ્ત સમીક્ષા કરી હતી. મહેતા (૧૯૯૯)એ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા વ્યકિતઓના જીવનની અભિપ્રેરણા અને અર્થનો અભ્યાસ. વિષયક સંશોધન હાથ ધર્યુ હતું. મીઠાણી (૨૦૦૦)એ પાંચ શિક્ષકોની કથાઓ શિક્ષકોના વિકાસનો એક ગુણાત્મક અભ્યાસ વિષયક સંશોધન કર્યુ હતું.

૩. સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

શિક્ષણક્ષેત્રના સફળ સુકાની વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ તાલીમી કૉલેજોમાં એક આચાર્ય તરીકેનું પદ સંભાળવાની સાથે સાથે પોતાના વિકાસનું પણ સતત ધ્યાન રાખવાનું હોય છે. એટલે જ તેઓ આ બંને બાબતો એક સાથે રાખી કંઇ રીતે કાર્ય કરે છે તે જાણવા માટેના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક અધ્યેતાએ નીચે પ્રમાણે રાખ્યું.

ગુજરાત રાજયની માધ્યમિક શિક્ષક - તાલીમી કૉલેજના

આચાર્યોની કથાઓ : એક ગુણાત્મક અભ્યાસ

શબ્દોની વ્યાખ્યા

અભ્યાસના શીર્ષકમાં સમાવિષ્ટ પ્રત્યેક શબ્દોની વ્યાખ્યા આપવી અનિવાર્ય છે. પ્રસ્તુત અભ્યાસના શીર્ષકમાં સમાવિષ્ટ શબ્દોનો કયા અર્થમાં ઉપયોગ કરવામાં આવ્યો છે તે સુનિશ્ચિત કરવા માટે અગત્યના શબ્દોની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે :

(૧) ગુજરાત રાજય

ભારત સંઘના ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત ૬ પ્રદેશો પૈકી ૧લી મે ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર રાજ્યમાંથી છુટું પડેલ રાજ્ય તે ગુજરાત રાજ્ય, જે ભારતની પશ્ચિમે ૨૦.૬^0 ઉત્તર અક્ષાસ થી ૨૪.૪૨^0 ઉત્તર અક્ષાસ અને ૬૮.૧૦^0 પૂર્વ રેખાંશથી ૭૪.૨૮^0 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. જેનો કુલ વિસ્તાર ૧૯૬૦૨૪Km^2 (75685 sq. ms.). કુલ ૨૩ જિલ્લા, ૨૪૮ તાલુકા ધરાવતા રાજ્યની કુલ વસ્તી ૬,૦૪,૩૯,૬૯૨ છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉપરોકત વર્ણન ધરાવતા ગુજરાત રાજ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) માધ્યમિક શિક્ષક - તાલીમી કોલેજ

ભગવદ્ગોમંડલ અનુસાર માધ્યમિક એટલે,

"પ્રાથમિક કેળવણી પછીથી શરૂ થતી ધોરણ ૮ થી ૧૧ કેળવણી, પ્રાથમિક શિક્ષણ પછીનું શિક્ષણ આપતી શાળા, વિનયમંદિર, હાઇસ્કૂલ, પ્રાથમિક કેળવણી પછીની કેળવણી **સેકન્ડરી એજ્યુકેશન**"

ભગવદ્ગોમંડલ અનુસાર શિક્ષક એટલે,

"શિક્ષણ આપનાર ગુરૂ ; શીખવનાર મહેતાજી, ઉસ્તાદ, અભ્યાસ કરનાર"

ભગવદ્ગોમંડલ અનુસાર તાલીમી કૉલેજ એટલે

"તાલીમ આપવાનું ઠેકાણું, નિશાળ, ગુરૂ પાસે શીખવું કે અભ્યાસ કરવો તે"

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શિક્ષક બનવા માટેની પૂર્વસેવાકાલીન તાલીમ આપતી કૉલેજનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૩) **આચાર્ય**

ભગવદ્ગોમંડલ અનુસાર આચાર્ય એટલે,

"મુખ્ય શિક્ષક, પ્રિન્સિપાલ, શિક્ષક, મહેતાજી, ગુરૂ, અધ્યાપક"

પ્રસ્તુત અભ્યાસમાં તાલીમી કૉલેજોમાં આચાર્ય તરીકેની સેવા આપતા પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૪) **કથા**

ભગવોદ્ગોમંડલ અનુસાર કથા એટલે, સ્ત્રી, ઇશ્વર કે ધર્મ સંબંધી ભાષણ, કીર્તન કે વાર્તા.

પ્રસ્તુત અભ્યાસમાં કથા એટલે અધ્યેતા તરફથી પત્ર દ્વારા મળેલા નિમંત્રણના પ્રત્યુત્તરરૂપે પોતાના જીવનવિકાસયાત્રાની આચાર્યોએ લખી આપેલ કથા.

(૫) **ગુણાત્મક અભ્યાસ**

બોગડાન અને બિકલેન ના જણાવ્યા પ્રમાણે ગુણાત્મક અભ્યાસ છત્રની જેમ આવી સંશોધન પ્રયુકિતઓને આવરી લેનારો, શબ્દસમૂહ (Umbrella Term) છે. આવા અભ્યાસમાં એકત્ર થતી માહિતી (Data) કોમળ હોય છે. એટલે કે લોકો, સ્થળો, ઘટનાઓ અને સંવાદોનાં સમુદ્ધ વર્ણનો સ્વરૂપે હોય છે. આ માહિતીનું વિશ્લેષણ અંકશાસ્ત્રીય પ્રયુકિતઓથી સરળતાથી થઇ શકતું નથી. ચલોને વ્યવહારું બનાવીને તેના સંશોધન પ્રશ્નો રચાતા નથી. પરંતુ તે વિષયોને તેમની પૂરી સંકુલતા સંદર્ભમાં અભ્યાસ માટે રચાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં અધ્યેતાએ અભ્યાસ પાત્રો સામાન્ય રીતે જે પરિસ્થિતિમાં છે તેના વાતાવરણમાં લાંબા સમય સુધી સંપર્કમાં રહીને માહિતી એકઠી કરવાનો ઉપક્રમ નક્કી કરેલ છે.

૪. અભ્યાસના હેતુઓ

કોઈપણ અભ્યાસ હાથ ધરવામાં આવે છે ત્યારે તેના હેતુઓને સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. અભ્યાસના હેતુઓ જ અભ્યાસને દિશા પૂરી પાડે છે.

હેતુઓ વિશે ઉચાટ (૧૯૯૮) જણાવે છે કે અભ્યાસના હેતુઓ એ અભ્યાસના વિભાગ છે. સંશોધકો કઇ કઇ બાબતોના સંદર્ભમાં સંશોધનકાર્ય હાથ ધર્યું હતું તે દર્શાવે છે. ખરેખર તે સંશોધન શીર્ષકના પેટા શીર્ષકોએ અભ્યાસના હેતુઓ છે.

પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવા અધ્યેતાએ નીચે પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા.

(૧) આચાર્યોની વ્યવસાય સંદર્ભે સામાન્ય માહિતી મેળવવી.

- નામ, સરનામા
- શૈક્ષણિક લાયકાય, વ્યવસાયિક લાયકાત, વિશિષ્ટ લાયકાત
- નોકરીનો સમયગાળો (અનુભવ)
- શૈક્ષણિક વ્યવસાયિક સિદ્ધિ
- લેખો, પેપરો, કોન્ફરન્સ, પ્રવચનો, પુસ્તકો, પ્રકલ્પોની માહિતી

(૨) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોના પ્રવેશ તથા પ્રવર્માન પરિસ્થિતિ જાણવી.

(૩) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોના પ્રવેશ તથા જીવનવિકાસની તરેહ તપાસવી.

(૪) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોના પ્રવેશ તથા જીવનવિકાસ સાથે સાધક પરિબળો તપાસવા અને વર્ણવવા.

(૫) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોના પ્રવેશ તથા જીવનવિકાસ સાથે અવરોધક પરિબળો તપાસવા અને વર્ણવવા.

(૬) આચાર્યોની માન્યતાઓ તથા અનુભવો તપાસવા અને વર્ણવવા.

(૭) આચાર્યોની માન્યતાઓ તથા અનુભવોનો અધ્યાપનમાં તેમના જીવનવિકાસ સાથેનો સંબંધ તપાસવો.

(૮) આચાર્યોની અધ્યાપન વ્યવસાય વિશેની માન્યતાઓ અને પોતાના વિષયની માન્યતાઓ વચ્ચેનો સંબંધ તપાસવો.

(૯) અધ્યાપન વ્યવસાયમાં આચાર્યોના જીવનવિકાસ સંદર્ભે મૂલ્યોની મહત્તા તપાસવી અને વર્ણવવી.

(૧૦) અધ્યાપન વ્યવસાયમાં આચાર્યોના જીવનવિકાસ સાથે સફળ નેતૃત્વને મૂલવવું.

(૧૧) અધ્યાપન વ્યવસાયમાં આચાર્યોના જીવનવિકાસ બાબતે ક્રાંતિકારી પરિવર્તનોના લેખાજોખા તપાસવા.

૫. અભ્યાસના પ્રશ્નો

જ્યારે અભ્યાસ હાથ ધરવામાં આવે છે ત્યારે અધ્યેતા કેટલાક પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયત્ન કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં અધ્યેતા દ્વારા નીચે મુજબના અભ્યાસના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૧) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોની પ્રવર્તમાન પરિસ્થિતિ કેવી હતી ?

(2) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોનો પ્રવેશ કઇ રીતે થયો તથા તેઓના જીવનવિકાસની તરેહ કેવી હતી ?

(૩) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોના પ્રવેશ અને જીવનવિકાસ સાથે કયા કયા સાધક પરિબળો સંકળાયેલા હતા ?

(૪) અધ્યાપનના વ્યવસાયમાં આચાર્યોના પ્રવેશ અને જીવનવિકાસ સાથે કયા કયા બાધક પરિબળો સંકળાયેલા હતા ?

(૫) આચાર્યો કેવી માન્યતાઓ ધરાવે છે ? અને તેઓને જીવનવિકાસયાત્રામાં કઇ કઇ બાબતોના અનુભવો થયા?

(૬) આચાર્યોની માન્યતાઓ તથા અનુભવોનો અધ્યાપનમાં તેમના જીવનવિકાસ સાથેનો સંબંધ કેવો છે ?

(૭) પ્રાચાર્યોની અધ્યાપન વ્યવસાય વિશેની માન્યતાઓ અને પોતાના વિષયની માન્યતાઓ વચ્ચે કેવો સંબંધ છે ?

(૮) અધ્યાપન વ્યવસાયમાં આચાર્યોના જીવનવિકાસ સંદર્ભે મૂલ્યોની મહત્તા કેવી છે ?

(૯) અધ્યાપન વ્યવસાયમાં આચાર્યોના જીવનવિકાસ સાથે સફળ નેતૃત્વ કેવો ભાગ ભજવે છે ?

(૧૦) અધ્યાપન વ્યવસાયમાં આચાર્યોના જીવનવિકાસ બાબતે ક્રાંતિકારી પરિવર્તનો કેવા છે ?

૬. અભ્યાસનું મહત્ત્વ

૨૧મી સદીમાં માનવીએ વૈજ્ઞાનિક સિદ્ધિઓની હારમાળા સર્જી છે. જેનો પાયો એ પાછળની સદીઓની વ્યકિતઓનો વિકાસ છે. અને આવનારી પેઢીઓ માટે કાચો માલ છે. આવી વ્યકિતઓ શિક્ષણ જગતમાં હોવાથી આ ક્ષેત્રનો વિકાસ વધુ ઝડપી થાય છે. પરિણામે એવા એ વ્યકિતઓના અભ્યાસનું શિક્ષણ જગતમાં ખૂબ જ મહત્ત્વ છે.

પ્રસ્તુત અભ્યાસ થકી ગુજરાત રાજ્યનાં માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજોના આચાર્યોના જીવનવિકાસની કથાઓ જાણવા મળશે. આચાર્યોના જીવનવિકાસની તરેહ જાણવા મળશે.

- જીવનવિકાસયાત્રા દરમિયાન આચાર્યોની માન્યતાઓ, લાગણીઓ અને અનુભવો તથા તેમના સંજ્ઞાન (Cognition) જેવા ઘટકો વચ્ચેનો સંબંધ સમજવાની તક પ્રાપ્ત થશે.
- આચાર્યોના જીવનવિકાસના સાધક-બાધક પરિબળો સ્પષ્ટ થઈ શકશે.
- આ અભ્યાસના પરિણામે આચાર્યોના તાલીમ વિષયક અનુભવો તથા તાલીમ વિષયક તેઓની માન્યતાઓ જાણવા મળશે.
- આચાર્યો તેમના પોતાના જીવનવિકાસની કથાઓ મહદંશે તો લખી શકે છે કે નહિ, તે પણ આ અભ્યાસ વડે પ્રસ્થાપિત કરી શકાશે.
- આચાર્યો દ્વારા પ્રાપ્ત થનાર જીવનવિકાસ કથાઓમાં તેમના વિચારો, લાગણીઓ, માન્યતાઓ, અનુભવો, ઘટનાઓની રોજનીશી કે નોંધપોથી (Journal)નું તાદશ ચિત્ર રજૂ થશે.
- આચાર્યોના જીવનવિકાસ કથા ઉપરથી શિક્ષકોને તાલીમ આપતી સંસ્થાઓના કાર્યક્રમોમાં જરૂરી સુધારણા કરવા અંગેના પરોક્ષ નિર્દેશનો પણ આ અભ્યાસ વડે પ્રાપ્ત થશે.

ટૂંકમાં, પ્રસ્તુત અભ્યાસ વડે પ્રાપ્ત થયેલું જ્ઞાન આચાર્યના વ્યાવસાયિક વિકાસ (Professional Development) માં સાધકરૂપ બની શકશે વળી, આપણે ત્યાં થતા શૈક્ષણિક સંશોધનમાં ગુણાત્મક પદ્ધતિ અને તેમાં પણ કથાત્મક પદ્ધતિના વિનિયોગનું એક ઉતકૃષ્ટ ઉદાહરણ પણ આ અભ્યાસના સ્વરૂપમાં પ્રાપ્ત થશે.

૭. અભ્યાસનું સીમાંકન

અભ્યાસકાર્ય હાથ ધરવાનું હોય તો અધ્યેતાએ સમય, શકિત અને આર્થિક પરિસ્થિતિ વગેરે પરિબળોને ધ્યાનમાં રાખી સીમાંકનો સ્વીકારવા પડે છે. પ્રસ્તુત અભ્યાસ માટેના સીમાંકનો નીચે મુજબ સ્વીકારવામાં આવ્યા હતા :

(૧) આ અભ્યાસમાં સહેતુક નમૂનો પદ્ધતિએ પસંદગી ગુજરાત રાજ્યની માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજના આઠ આચાર્યોને જ પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના એકત્રીકરણ માટે ઉપકરણ તરીકે મુખ્યત્વે કથાનો અને ગૌણરૂપે મુલાકાત અને અવલોકનનો ઉપયોગ કરવામાં આવશે.

(૩) માહિતીના વિશ્લેષણ માટે મુખ્યત્વે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ ઉપર આધારિત વર્ગીકરણની પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવશે.

(૪) આ અભ્યાસમાં ગુજરાત રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક તાલીમી કોલેજોના આચાર્યોનો જ સમાવેશ કરવામાં આવશે. સ્વનિર્ભર માધ્યમિક તાલીમી કોલેજોના આચાર્યોનો સમાવેશ કરવામાં આવશે નહિ.

૮. અભ્યાસની પદ્ધતિ

પ્રત્યેક અભ્યાસ નિર્ધારિત હેતુઓ ધરાવે છે. અને આ હેતુઓને પૂર્ણ કરવા માટે અધ્યેતા દ્વારા ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી આર્વાયક માહિતી પ્રાપ્ત કરી તેનું યોગ્ય પૃથક્કરણ કરી યથાર્થ નિષ્કર્ષ સુધી પહોંચવું એ હિતાવહ ગણાય. આવા શૈક્ષણિક અભ્યાસો માટે અનેકવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. અધ્યેતા અભ્યાસને સુસંગત ગુણાત્મક અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. ડેન્ઝિન અને લિંકનના મતે,

"ગુણાત્મક સંશોધનએ સ્થિત (Situated) પ્રવૃત્તિ છે કે જે દુનિયામાં અવલોકનકર્તાઓનું ચોક્કસ સ્થાન શોધી કાઢે છે. તેમાં અર્થઘટનાત્મક, ભૌતિક વ્યવહારો સંકળાયેલા છે કે જે દુનિયાને દૃષ્ટિમાન બનાવે છે."

પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ તરીકે અધ્યેતાએ ગુણાત્મક અભ્યાસ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ અને કથાવાર્તાનો ઉપયોગ કર્યો હતો તેમજ જરૂરી માહિતીને રજૂ કરવા તાર્કિક આગનાત્મક પદ્ધતિ (ટાઈપોલોજી પદ્ધતિ)નો ઉપયોગ કર્યો હતો.

૯. વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

વ્યાપવિશ્વની પસંદગી એ અભ્યાસના વટવૃક્ષની એક અત્યંત આવશ્યક શાખા છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યની વિવિધ ૨૭ યુનિવર્સિટીઓ પૈકી શિક્ષણ વિદ્યાશાખા ધરાવતી મુખ્ય આઠ યુનિવર્સિટીઓની ૨૮૬ બી.એડ્. કોલેજો વ્યાપવિશ્વ બનશે.

વ્યાપવિશ્વ તરીકે પસંદ પામેલ યુનિવર્સિટીઓની વિગત

ક્રમ	યુનિવર્સિટી	સ્થળ
૧	મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી	પૂર્વ ગુજરાત
૨	ભાવનગર યુનિવર્સિટી	પશ્ચિમ ગુજરાત
૩	સૌરાષ્ટ્ર યુનિવર્સિટી	પશ્ચિમ ગુજરાત
૪	હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી	ઉત્તર ગુજરાત
૫	વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી	દક્ષિણ ગુજરાત
૬	ગુજરાત યુનિવર્સિટી	મધ્ય ગુજરાત
૭	સરદાર પટેલ યુનિવર્સિટી	મધ્ય ગુજરાત
૮	ગુજરાત વિદ્યાપીઠ	મધ્ય ગુજરાત

નમૂના પસંદગી સંદર્ભે ઉપરોકત આઠ યુનિવર્સિટીઓની માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજોના આઠ આચાર્યોની સહેતુક નમૂના પસંદગીની પદ્ધતિથી પસંદગી કરવામાં આવી હતી.

ડૉ.ડી.બી.શાહ (૨૦૦૪)ના મતે,

"વ્યાપવિશ્વના પાત્રોની કેટલીક વિશિષ્ટતાઓ કે ધોરણોને ધ્યાનમાં રાખીને સંશોધક પોતાના નિર્ણય પર આધારિત હાથવગા નમૂના પાત્રો પસંદ કરે છે. આમ, નમૂનાની પસંદગી પૂર્ણતઃ સંશોધકના નિર્ણય પર આધાર રાખે છે."

૧૦. અભ્યાસ માટેના ઉપકરણની સંરચના

કોઈપણ અભ્યાસમાં માહિતી મેળવવા માટે ઉપકરણ અનિવાર્ય છે. અભ્યાસ માટે આવશ્યક માહિતી યોગ્ય ઉપકરણ દ્વારા એકત્ર થાય તો અભ્યાસ અર્થપૂર્ણ બને. અભ્યાસકાર્ય અંગે માહિતી જુદા-

જુદા ઉપકરણો દ્વારા મેળવી શકાય. જેમકે, અભિપ્રાયાવલિ, પ્રશ્નાવલિ, ચેકલીસ્ટ, ક્રમમાપદંડ, મુલાકાત, અવલોકન વગેરે. તેમજ જુદી-જુદી મનોવૈજ્ઞાનિક કસોટીઓ જેમ કે અભિયોગ્યતા કસોટીઓ, બુદ્ધિમાપન કસોટીઓ, સિદ્ધિ કસોટીઓ, રસમાપન કસોટીઓ, વ્યકિતમાપન કસોટીઓ વગેરે નો ઉપયોગ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પદ્ધતિથી હાથ ધરાયો હોવાથી અધ્યેતાએ ઉપકરણ તરીકે નીચેના ઉપકરણોની પસંદગી કરી હતી.

(૧) આચાર્યોની રૂબરૂ મુલાકાત

(૨) "નિમંત્રણ પત્ર" દ્વારા કથાનાયકો પાસેથી મેળવવાની શિક્ષણ વિકાસની આત્મકથા

૧૧. માહિતી એકત્રીકરણની રીત

સમગ્ર અભ્યાસની સફળતાના મુખ્ય બે આધારસ્તંભો છે.

(૧) અભ્યાસની ઉપકરણની સંરચના અને

(૨) માહિતી એકત્રીકરણની પદ્ધતિ

અધ્યેતાએ માહિતી એકત્ર કરવા માટે સૌપ્રથમ નમૂનામાં પસંદ કરાયેલા આચાર્યોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ આ આચાર્યો પાસેથી તેમના જીવનવિકાસયાત્રાની કથા લખાવવાની મંજૂરી મેળવવામાં આવી હતી. સાથે કથામાં આવરી લેવાના તમામ મુદ્દાઓની સમજૂતી રૂબરૂ મુલાકાત દરમ્યાન અધ્યેતાએ આપી હતી. આચાર્યોઓને દસ માહિનામાં કથા લખીને પરત આપવાનું જણાવ્યું હતું. અને આ સમયગાળા દરમિયાન અધ્યેતા દ્વારા પાત્રોની રૂબરૂ મુલાકાત અને આત્મકથામાં ખૂટતી વિગતો માટે પ્રશ્નાવલિ સ્વરૂપે જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી, જેમાં પ્રારંભિક તબક્કે ત્રણ કથા ત્યારબાદ બે કથા અને પાછળથી બે કથા અને છેલ્લે એક કથા એવી રીતે આઠ કથાઓ આચાર્યો પાસેથી લખાઇને પરત મળી હતી.

આચાર્યોએ નિશ્ચિત સમયમાં ઝીણવટભરી સઘન માહિતી આપી હતી. તેઓના ઘણા સારા સહકારને પરિણામે અધ્યેતા સાચી માહિતી એકત્ર કરી શકયા હતા.

૧૨. માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત અભ્યાસમાં અધ્યેતાએ તાલીમી કોલેજોમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા આચાર્યોની કથાઓનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ હેઠળના આચાર્યો તથા તેઓની કથાયાત્રાના વિવિધ પાસાઓનો અધ્યેતાએ ઉપકરણોના માધ્યમ દ્વારા માહિતી મેળવી હતી. તેમના દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી નોંધોને આધારે પ્રત્યેક નોંધમાંથી સમીક્ષાત્મક પૃથક્કરણ વડે સારરૂપ બાબતો મેળવી સામ્યતા ધરાવતા એકમોને અલગ તારવી વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

ગુણાત્મક રીતે પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક અને સારણી સ્વરૂપે પૃથક્કરણ કર્યું હતું તથા જરૂરી માહિતીને તાર્કિક આગનાત્મક પદ્ધતિ (ટાઈપોલોજી પદ્ધતિ) એ રજૂ કરી હતી.

૧૩. અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાચાર્યોની કથાના આધારે મળેલ માહિતીનું પૃથક્કરણ કરી અર્થઘટન કર્યું હતું. પ્રાપ્ત માહિતીના અર્થઘટનના આધારે દરેક પ્રાચાર્યોના જીવન અને વિકાસ વિષયક તારણો પ્રાપ્ત થયા હતા. જે આ મુજબ હતા.

(૧) પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ આચાર્યો આ વ્યવસાયમાં આકસ્મિક રૂચિપૂર્વક તથા આજ્ઞાને માન આપી પ્રવેશયા હતા. તેવું તેમની કથાઓ દ્વારા જાણવા મળ્યું હતું. આ વ્યવસાયમાં પ્રવેશયા પછી આચાર્ય તરીકેના વિકાસમાં ઉછેરની ભૂમિકા, વ્યકિતત્ત્વ અને અધ્યાપનનો વિષય સાધક યોગદાન આપી શકે છે તે આ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે.

(૨) પ્રારંભકાળના અનુભવો અચેતન રીતે પણ આજીવન પ્રભાવક રહે છે, અને આ અનુભવોમાં સારા નરસાપણાનું દ્વન્દ્વ હોય છે. કથાનાયકોના બાળપણથી વર્તમાન સમય સુધીના અનુભવો જીવનમાં કંઈક નવું શીખવી ગયા હતા.

(૩) ઘરનું શિક્ષણમય વાતાવરણ, શિક્ષકોનું જરૂરિયાત મુજબનું માર્ગદર્શન, તેઓના રસનો વિષય વિદ્યાર્થી વિકાસના દરને ઊંચો લાવવામાં મદદરૂપ બને છે. સમય અને સંઘર્ષ સામે બાથ ભીડી સતત પરિશ્રમ અને આત્મવિશ્વાસ તથા મિત્રો અને શિક્ષકોના સલાહસૂચનથી અભ્યાસમાં મહત્તમ સફળતા મેળવી શકયા હતા. તેઓના નેતૃત્વશકિતના ગુણોનો વિકાસ પણ સારો હોવાથી આચાર્યો તરીકેનું પદ શોભાવી શકયા તેવું આ આચાર્યોના અભ્યાસ દ્વારા જાણવા મળ્યું હતું.

(૪) તાલીમકાળના અનુભવોમાં આચાર્યોને તાલીમની પદ્ધતિ થોડી બીબાઢાળ જણાઇ હતી. તાલીમ અને વાસ્તવિક વચ્ચે જમીન-આસમાનનું અંતર જણાયું હતું.

(૫) તાલીમકાળ દરમિયાનની કેટલીક ઉત્તમ બાબતોને આચાર્યોએ જીવન ઉપયોગી જણાવી હતી, વિદ્યાર્થીઓના માનસ સુધી પહોંચવા માટે તથા શિક્ષણકાર્યને અસરકારક બનાવવા માટે આ તાલીમને આચાર્યોએ અસરકારક ગણી હતી તાલીમમાં હજુ વધુ સ્વ અનુભવો પૂરા પાડવામાં આવે તો વધુ સારૂં પરિણામ લાવી શકાય એવું આ આચાર્યો માનતા હતા.

(૬) સફળ આચાર્ય બનવા માટે નિયમિતતા, પ્રામાણિકતા, જુસ્સો, સભ્યતા, શિષ્ટતા, મુદુભાષીપણું, સહૃદયતા, ક્ષમાશીલતા, અન્યને ઉપયોગી થવાની ભાવના, કોલેજના વિકાસ માટે જાગૃત પ્રયાસો અને સ્વમૂલ્યાંકન જેવા ઉત્તમ ગુણો એક આદર્શ આચાર્યમાં હોવા જોઇએ એવું આ આચાર્યોના અનુભવે કહી શકાય છે. વળી, આચાર્યના પોષાક, વાણી અને વર્તન પણ તાલીમાર્થી પર ગહન અસર કરે છે. તેવું આ આચાર્યો માને છે.

(૭) પ્રસ્તુત અભ્યાસના કથા નાયકોને કોલેજનો અપૂરતો સમય, લંબાણપૂર્વકનો અભ્યાસક્રમ, અપૂરતી ભૌતિક સુવિધા, વહીવટી કામગીરીનું ભારણ, પરીક્ષામાં થતી ગેરરીતિ, સક્રિય આચાર્ય પ્રત્યે સ્ટાફના અન્ય સભ્યોનું અદેખાઇભર્યું વર્તન, સંચાલકોની નિતિ, પારિવારિક વધારે પડતી જવાબદારી વિકાસમાં નડતરરૂપ જણાયાં હતા.

(૮) શિક્ષણ સુધારણા માટે આ આચાર્યોનું એવું માનવું હતું કે તાલીમાર્થીમાં અભ્યાસ પ્રત્યે નિષ્ઠા હોય, અધ્યાપક પોતે એક કેળવણીકાર છે તેવું માને તાલીમાર્થીઓની જરૂરિયાત સમજી તે પ્રકારનું નવું જ્ઞાન આપે, અભ્યાસક્રમ તાલીમાર્થીઓની ક્ષમતાને ધ્યાનમાં રાખી તથા ભાવિ જરૂરિયાતોને અનુલક્ષીને ઘડાય, વર્ષાન્તે અભ્યાસક્રમપૂર્ણ થાય, પરીક્ષાની ગેરરીતિ દૂર થાય. અને આ બધી બાબતો માટે અધ્યાપકો તથા સમાજ જાગૃત બને એ આવશ્યક છે. આ બાબતો આ અભ્યાસના કથાનાયકોની આત્મકથા દ્વારા જાણવા મળી હતી.

(૯) પ્રવર્તમાન નબળી શિક્ષણ પ્રણાલીના માટે અભ્યાસના કથાનાયકોને યાંત્રિકતા, તાલીમાર્થીઓનું નબળું પાસું બૌદ્ધિક સ્તર, અધ્યાપકોમાં નવા જ્ઞાન-વિજ્ઞાનની જિજ્ઞાસાનો અભાવ, ઇતરવાચનનો અભાવ, વ્યાવસાય પરત્વે નકારાત્મક વલણ, સામાજનો શિક્ષક અને શિક્ષણ પ્રત્યેનો દૃષ્ટિકોણ, ભ્રષ્ટાચારી

સત્તાધીશોનું શિક્ષણ પ્રત્યે બિનજવાબદાર વલણ, ટેલિવિઝનના ગુણવત્તા વિનાના કાર્યક્રમો, ઓછું ભણેલા શિક્ષણ સુધારકો અને શિક્ષણમંત્રીઓ જેવા પરિબળો જવાબદાર ઠેરવ્યા હતા.

(૧૦) સમગ્રતયા શિક્ષણવ્યવસાયમાં પ્રવેશ, વિકાસ તરેહ અનુભવો, માન્યતાઓ વચ્ચે પરસ્પર સંબંધ છે તેવું આચાર્યોએ લખેલી કથા દ્વારા જાણી શકાય તે સિદ્ધ થતું હતું.

૧૪. સમાપન

અધ્યેતાએ હાથ ધરેલ પ્રસ્તુત અભ્યાસ અંતિમ નથી આ આચાર્યોના કથાયાત્રા માટેના જવાબદાર નાનામાં નાના પાસાંનો ઝીણવટપૂર્વક અને ઊંડાણલક્ષી અભ્યાસ કરવાથી અપ્રકાશિત બાબતોને પ્રકાશમાં લાવી શકાય છે. આ અભ્યાસ પરિપૂર્ણ કરતા અધ્યેતા પ્રસ્તુત અભ્યાસના પાત્રો પ્રત્યે કૃતજ્ઞતાપૂર્વક આભારની લાગણી વ્યકત કરે છે.

१२. Zazovsky, R. (1994). Conceptualizing teacher's knowledge about teaching : An advanced course in teacher educatio. ***Studies in Educational Evaluation.*** 20, 387-408.

સંદર્ભસૂચિ

૧. ઉચાટ, ડી.એ. (૨૦૦૨). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.*** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૨. ઉચાટ, ડી.એ. (૨૦૦૬). ***ગુણાત્મક સંશોધન.*** (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૩. ઉચાટ, ડી.એ. અને અન્યો. (૧૯૯૮). ***સંશોધન અહેવાલનું લેખન કેવી રીતે કરશો ?*** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૪. ભગવતસિંહજી. (૧૯૪૬). ***ભગવદ્ગોમંડલ (ભાગ-૨).*** રાજકોટ : પ્રવીણ પ્રકાશન પ્યુ.કોર્પોરેશન, ઢેબર રોડ, ગુજરાત રાજ્ય.

૫. દેસાઇ,એ.જી. અને દેસાઇ, કે.જી. (૧૯૯૭). ***સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ.*** (છઠ્ઠી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૬. રાણપુરા દિલીપ. (૧૯૯૮). ***શિક્ષણ કથાઓ.*** રાજકોટ : પ્રવીણ પ્રકાશન.

૭. શાહ, ડી.બી. (૨૦૦૪). ***શૈક્ષણિક સંશોધન.*** (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૮. મીઠાણી. (૨૦૦૦). પાંચ શિક્ષકોની કથાઓ : શિક્ષકોના વિકાસનો એક ગુણાત્મક અભ્યાસ. એ વિષય ***અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ.*** ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી.

૯. મહેતા. (૧૯૯૯). શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા વ્યકિતઓના જીવનની અભિપ્રેરણા અને અર્થનો અભ્યાસ. ***અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધ નિબંધ.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી અભ્યાસ કાર્ય હાથ ધરાયું હતું.

૧૦. Connelly,F.M., & Clandinin, D.J.(1990). Stories of experience and narrative inquiry. ***Educational Research.*** 19 (5), 2-14.

૧૧. Wideen, M., Mayer-Smith, J., & Moon,B.(1998). A critical analysis of the research learning to teach : Making the case for an ecological perspective on inquiry. ***Review of Educational Research.*** 68, 130-178.